હાસ્ય, વ્યાયામ અને સેવાના સંગમ સાથે આનંદ લાફીંગ કલબે ૧૦મો સ્થાપના દિન ઉજવ્યો

આ લાફીંગ કલબમાં માત્ર વડીલો જ નહી દરેક વયના સભ્યો : ૫-૬ સભ્યો સાથે શરૂ થયેલી આ કલબ ૭૬ સભ્યો સુધી પહોંચી : સેવા કાર્યો અને પ્રવાસ-પર્યટનના પણ આયોજનો કરે છે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં સેકટર-૭-ડીમાં કાર્યરત આનંદ લાફીંગ કલબનો આજે ૧૦મો સ્થાપના દિન ઉજવાયો હતો. વર્ષ ૨૦૦૫માં ૧૧મી નવેમ્બરે સ્થપાયેલ આ લાફીંગ કલબ પ્રારંભિક માત્ર ૫ થી ૬ સભ્યોથી આજે ૭૬ સભ્યો સુધી પહોંચી છે. જેમાં ૪૦ નિયમિત સભ્યો છે. આ લાફીંગ કલબમાં નિવૃત્ત આઈએએસ સનદી

(તસવીર : કશ્યપ નિમાવત)

અધિકારીઓથી માંડીને ડોકટર્સ, એન્જીનીયર્સ તથા વિવિધ ખાતાના ઉચ્ચ અધિકારીઓ અને વેપારીઓ પણ સામેલ છે. આ લાફીંગ કલબ હાસ્ય, યોગ અને પ્રાણાયામની સાથે અનેક પ્રવૃત્તિઓનું સંગમ સ્થાન છે.

લાફીંગ કલબનું નામ આવે એટલે દરેકને એવું જ લાગે કે એમાં માત્ર વડીલો જ હશે અને તેઓ રોજ સવારે બગીચામાં કે અન્ય ખુલ્લી જગ્યાએ એકત્ર થઈ

કસરતો કરવાની સાથે હાસ્યરસ માણતા હશે પરંતુ આનંદ લાફીંગ કલબની વાત જ કંઈક ઓર છે.આ લાફીંગ કલબમાં માત્ર વડીલો જ નહીં પરંતુ દરેક ઉંમરની વ્યકિતઓ સભ્ય છે. વળી આ લાફીંગ કલબ માત્ર સવારે વ્યાયામ સાથે હસવાનું કાર્ય નથી કરતી પરંતુ અનેક સામાજિક સેવા અને પ્રવાસ-પર્યટન જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરે છે. આ કલબમાં દરેક સભ્યનો જન્મદિવસ ખુબ પ્રેમથી ઉજવાય છે. આ લાફીંગ કલબ દ્વારા વૃધ્ધાશ્રમના વડીલો માટે જમણવાર યોજવા જેવી સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે. એટલું જ નહિ પરંતુ આનંદ લાફીંગ કલબ દ્વારા સે-૭-ડીના બગીચામાં કલબના ખર્ચે ૨૫ બાંકડા અને એક સુંદર ચબુતરાની વ્યવસ્થા કરવામાં આવી છે જયાં અબોલ પંખીઓ પણ તેમની સેવાના ચણ ચણી ખુશીથી કિલ્લોલ કરવા લાગે છે.

આનંદ લાફીંગ કલબની દરરોજ સવારની નિયમિત કાર્યશૈલીમાં વ્યાયામ અને પ્રાણાયામ સાથે હાસ્યનું અદભુત સંયોજન રચવામાં આવ્યું છે. કુલ ૪૦ મિનિટની આ પ્રક્રિયામાં ૩૦ મિનિટ સંપૂર્ણ શરીરની કસરતો અને પછીની ૧૦ મિનિટમાં હાસ્યની ક્રિયાઓ એવી રીતે ગોઠવી છે કે તેનાથી સભ્યને સ્વાસ્થ્ય સાથે પુરતો પ્રાણવાયુ અને દિવસભરના કાર્યો હસતાં મોઢે કરવાની શકિત મળી રહે છે. હાસ્ય, યોગ અને પ્રાણાયામ સાથે કરવાથી આખો દિવસ તો આનંદમાં પસાર થાય છે પરંતુ વ્યકિતના શરીરમાં લોહીના પરિભ્રમણમાં સુધારો થાય છે, પ્રાણવાયુનું લેવલ વધે છે. રોગ સામેની પ્રતિકારક શકિતમાં વધારો થાય છે. દમ, બીપી, ટેન્શન, સાંધાનો દુઃખાવો, કબજિયાત અને ડાયાબીટીશ જેવા અનેક રોગોમાં ફાયદો થાય છે. ચહેરો દમકી ઉઠે છે અને અનિંદ્રાથી છુટકારો મળે છે જેના કારણે કાર્યક્ષમતા અને આત્મવિશ્વાસ વધે છે. સવારની આ પ્રક્રિયામાં પ્રાર્થનાથી શરૂઆત કરાયા બાદ પ્રાણાયામ કરાવાય છે અને તે પછી ડોક, ખભા, આંગળી, કોણી, હાથ, છાતી અને સંપૂર્ણ શરીરની વિવિધ કસરતો કરાવવામાં આવે છે. વિરામ બાદ કમર, પગ અને આંખની કસરતો કરાવાય છે. જેમાં ગજેન્દ્ર, ક્રોસ ટચ, અર્ધચક્ર, ઉઠકબેઠક, ઝુલા જેવા વ્યાયામ કરાવાય છે. અંતમાં હાસ્યની પ્રક્રિયા હાથ ધરાય છે જેમાં હળવા હાસ્યથી લઈને મુકત મને ખડખડાટ હાસ્ય કરાવાય છે. આ પ્રક્રિયામાં હનુમાન હાસ્ય, ઘોડાની હણહણાટી જેવું હાસ્ય, સિંહ હાસ્ય જેવા અનેક પ્રકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

તિજોરી રીપેરીંગના બહાને હાથફેરો કરી જનાર બે શખ્સો ઝડપાયા

નડીયાદ, અમૃતસર અને જલંધર વિસ્તારમાં પણ અગાઉ ચોરી કરી હોવાની કબુલાત

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૨૬ કિસાનનગર ખાતે એક મકાનમાં તિજોરી રીપેરીંગ કરવાના બહાને ઘુસી તિજોરીમાંથી રૂ. ૪૦ હજારની ઉઠાંતરી કરી જનાર બે શખ્સોને ગાંધીનગર એલસીબીની ટીમે ઝડપી પાડયા છે. આ બંને શખ્સોએ અગાઉ આ જ એમ.ઓ.થી નડિયાદ ઉપરાંત અમૃતસર અને જલંધર વિસ્તારમાં પણ ચોરી કરી હોવાની કબુલાત કરી છે. એલસીબીએ બંનેની ધરપકડ કરીને સે-૨૧ પોલીસને સોંપી દીધા છે.

તાજેતરમાં સેકટર-૨૬ કિસાનનગરના એક મકાનમાં તિજોરી રીપેરીંગ કરવા આવેલા બે શખ્સો તિજોરીમાંથી રૂ. ૪૦ હજારનો હાથફેરો કરી ગયા હતાં આ ઘટના અંગે સે-૨૧ પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર એલસીબી ઈન્ચાર્જ પી.આઈ. જયેશ બ્રહ્મભટ્ટની સુચનાથી તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે તિજોરી રીપેરીંગના બહાને ૨. ૪૦ હજારની ઉઠાંતરી કરી જનાર બે શખ્સો શહેરમાં

ફરી રહ્યા છે જેને આધારે દાહોદના બંને શખ્સો શહુનશા ઉર્ફે બલ્લુ તારાસિંગ ચિખલીગર તથા સન્ની દેઓલ સુનિલસીંગ ચિખલીગર ને પકડી સઘન પુછપરછ કરતાં સે-૨૬ કિસાનનગરમાં તે બંનેએ ચોરી કરી હોવાની કબુલાત કરી હતી તે ઉપરાંત દોઢેક વર્ષ પહેલા નડીયાદ બસ સ્ટેન્ડ નજીક એક મકાનમાંથી તિજોરની ચાવી બનાવવાના બહાને રૂ. ૮૫૦૦ તથા એક વર્ષ પહેલા પંજાબ અમૃતસર ગુરુ દ્વારા પાછળ એક સોસાયટીમાંથી રૂ. ૨૫ હજાર અને જલંધરથી રૂ. ૧૫ હજારની ચોરી કરી હોવાની વિગતો બહાર આવી છે. સે-૨૧ પોલીસે બંનેની વધુ પુછપરછ શરુ કરી છે.

ચિલોડામાં એક જીવદયાપ્રેમીની અનુકંપાથી એક ગાય પીડા મુક્ત થઈ

ઘણા દિવસથી ગાયની પીઠ પર પડેલી ઈજામાં કીડા પડી ગયા હોવાથી દુર્ગંધ મારતી હતી જેથી લોકો તેને હાંકી કાઢતા હતા : અસહ્ય પીડામાં સબડતી ગાયને એક જીવદયા પ્રેમીએ સારવાર અપાવી

ચિલોડા, તા. ૧૧

ચિલોડા ખાતે એક ગાયને પીઠના ભાગે ઈજા થયેલી હોવાથી તેમાં સડો થવા પામ્યો હતો અને કીડા પણ પડી ગયા હતા. એક જીવદયા પ્રેમીએ આ ગાયને સારવાર અપાવી અબોલ જીવને પીડાથી મુક્ત કરાવી હતી.

પશુપાલકો ઘણીવાર તેમના પશુ જ્યારે બિનઉપજાઉ બની જાય ત્યારે તેમને રખડતા છુટા મુકી દે છે જેને કારણે અનેક ગાયો રખડતી જોવા મળે છે. આ રખડતી ગાયો જ્યાં ત્યાં કચરો આરોગે છે અને જાહેર માર્ગ પર અડીંગો જમાવે છે. આવી જ એક ગાયને પીઠના ભાગે કોઈ કારણસર ઈજા થયેલી હતી. જેમાં સારવારના અભાવે સડો લાગી જતા કીડા પડવા માંડ્યા હતા. દુર્ગંધ મારતી આ ગાયને સૌ કોઈ હુડ હુડ કરીને દૂર કાઢી મુકતા હતા પરંતુ કોઈએ આ ગાયના દર્દને સમજવાની કોશીષ કરી નહી. પરંતુ ચિલોડાના એક જીવદયાપ્રેમીથી આ ગાયનું દુઃખ જોવાયુ નહી અને તેણે તેને સારવાર અપાવવાનું મનોમન નક્કી કર્યું. એક વ્યક્તિએ સેવાનો શુભ વિચાર મનમાં કર્યો તો જાણે ઈશ્વરે પણ તેને મદદ કરતો હોય તેમ ચિલોડામાં પશુનિદાન અને સારવાર કેમ્પ યોજાયો. બસ પછી તો પુછવું જ શું ? આ જીવદયાપ્રેમી પેલી ગાયને કેમ્પમાં દોરી ગયા જ્યા તેની સારવાર કરવામાં આવી. સારવાર દરમ્યાન ગાયને તેની ઈજામાં પડેલા કીડા મારવાનું ઈન્જેક્શન પણ આપવામાં આવ્યું. અને ગાયનો અસહ્ય પીડામાંથી છુટકારો થયો.

એક અબોલ જીવ પ્રત્યે આટલી અનુકંપા દર્શાવવા બદલ કેમ્પમાં ફરજ પરના ડોક્ટર્સ પણ પેલા જીવદયાપ્રેમીના સેવા કાર્યને બિરદાવ્યું હતું. જો કે આ જીવદયા પ્રેમીએ પોતાના આ સેવા કાર્યને પોતાની ફરજ ગણાવતા પોતાનું નામ પણ પ્રસિદ્ધ કરવાનો ઈન્કાર કરી દીધો હતો.

નગરના ખુલ્લા રસ્તાઓનો નબીરાઓ રેસના ટ્રેકની જેમ ઉયોગ કરી રહ્યા છે. આજે સમી સાંજે સેકટર-૨૪ હોલસેલ શાકમાર્કેટ પાસે પુરપાટ ઝડપે આવી રહેલી સફેદ કલરની એસેન્ટના ચાલકે બાઈક ચાલકને ટકકર મારી હતી અને ભાગી ગયો હતો. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

અરજદારોને દોઢ મહીના સુધી લાયસન્સ-આર.સી. બુક મળતા નથી!

ઘરે બેઠા લાયસન્સ-આર.સી. બુક મળતા નથી : અરજદારોને હાલાકી

ગાંધીનગર, તા.૧૧

હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં લાયસન્સ તેમજ સ્માર્ટ આર.સી. બુક મેળવવા અરજદારોએ દોઢ મહીના જેટલો સમય રાહ જોવી પડે છે. પેપરલેસ આર.ટી.ઓ. કચેરીમાં અરજદારોનો સમય ન બગડે તે માટે ઝડપી અને અસરકારક વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાનો સૂર પોકારાય છે પરંતુ એક યા બીજી ખામીના પરિણામે અરજદારોને હજુ ધક્કે ચઢવાનો ક્રમ યથાવત છે.

આર.ટી.ઓ. કચેરીનો વહીવટ આંગળીના ટેરવે હોવાની રેકર્ડ વગાડવામાં આવે છે. પાટનગરમાં રાજયની પ્રથમ હાઈટેક અને મોડેલ આર.ટી.ઓ. કચેરી અસ્તિત્વમાં આવ્યા બાદ અરજદારોએ ડ્રાઈવીંગ લાયસન્સ તેમજ સ્માર્ટ આર.સી. બુક ઘરે બેઠા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. અરજદારોનો સમય ન બગડે તે માટે ઓનલાઈન એપાઈન્ટમેન્ટ સુવિધાથી પણ અરજદારોની રજુઆતનો ઝડપી નિકાલ કરવામાં આવે છે પરંતુ આર.ટી.ઓ. કચેરીમાં મેનપાવરના અભાવ વચ્ચે વારંવાર ઉદભવતી ટેકનિકલ ક્ષતિઓના લીધે પણ કામગીરીમાં અવરોધ ઉભો થતો હોવાની બૂમ ઉઠવા પામે છે. બીજી તરફ છેલ્લા કેટલાક સમયથી લાયસન્સ અને આર.સી. બુક મેળવવા ઈચ્છતા અરજદારોએ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લા કેટલાક સમયથી લાયસન્સ તેમજ સ્માર્ટ આર.સી. બુક મેળવવા આવતા અરજદારોને હાલાકી ભોગવવી પડે છે. પોસ્ટ મારફતે દોઢ-દોઢ મહિનાના અંતે પણ અરજદારોને લાયસન્સ ઘરે બેઠા મળતા નથી જયારે આ અંગે તપાસ કરવા છતાં સંતોષકારક ઉત્તર મળતો નથી.

આરોપીની પત્નિને ભરમાવીને વકીલે યૌન સંબંધો બાંધ્યાની ફરીયાદ

ચકચારી બળાત્કાર કાંડમાં મળેલી આજીવન કેદની સજામાંથી પતિને છોડાવવાની લાલચ આપી પત્નિને ઘુંઘટ હોટલમાં લઈ જવાઈ હતી : પેથાપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ

ગાંધીનગર, તા. ૧૧

રાજયભરમાં ચકચાર મચાવી દેનાર બળાત્કાર કાંડના એક આરોપીની પત્નિને ભરમાવીને તેણીની સાથે વકીલે ત્રણથી ચાર વાર હોટલમાં લઈ જઈ યૌન સંબંધો બાંધ્યા હોવાની પોલીસ ફરીયાદ પેથાપુર પોલીસમથકે નોંધાવા પામી છે. આરોપીને મળેલી આજીવન કેદની સજામાંથી પતિને છોડાવવાની લાલચ આપીને પત્નિને ગાંધીનગરની ઘુંઘટ હોટલમાં લઈ જવાઈ હતી અને ત્યાં મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધો વકીલે બાંધ્યા હોવાની મહિલાએ ફરીયાદ નોંધાવી છે.

ગુજરાતભરમાં ચકચારી બનેલા એક બળાત્કાર કાંડમાં આજીવનકેદની સજા પામેલા આરોપીઓ પૈકી એક આરોપીને આજીવન સજામાંથી છોડાવવા ખેરાલુના વકીલ જીગ્નેશ મેવાડાએ આરોપીની પત્નિને લાલચ આપી હતી અને વર્ષ-૨૦૦૯ થી ૨૦૧૧ સુધી તેણીને ભરમાવીને ગાંધીનગરની ઘુંઘટ હોટલમાં લઈ જઈ મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધો બાંધ્યા હોવાની ફરીયાદ મહિલાએ નોંધાવી છે. આ વાત કોઈને કહીશ તો સમાજમાં બદનામ કરી દઈશ તેમ કહી વકીલે જાનથી મારી નાંખવાની ધમકી આપી જાતી વાચક અપમાનજનક શબ્દો પણ ઉચ્ચાર્યા હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ છે. કડી પોલીસે શૂન્ય નંબરથી ગાંધીનગર જિલ્લાના પેથાપુર પોલીસ સ્ટેશનમાં મોકલતા ડીવાયએસપી કે.એસ. સવાણીએ વધુ તપાસ શરૂ કરી છે.

આજે જીસીએચએ ઓનલાઈનના વિરોધમાં બંધ પાળશે

ગાંધીનગર, તા.૧૧

દિવસે-દિવસે ઓનલાઈન વેચાણ વધી રહ્યું છે તેના કારણે નાના વેપારીઓની હાલત કફોડી બની છે ત્યારે કોમ્પ્યુટર અને તેના ઉપકરણોના ઓનલાઈન વેચાણના વિરોધમાં ગાંધીનગર કોમ્પ્યુટર હાર્ડવેર એસોસિએશન આજે બુધવારે એક દિવસ બંધ પાળશે. એસોસિએશનના પ્રમુખ ઉરેનભાઈ પટેલ અને સેક્રેટરી સંદિપ કોટેચાએ જણાવ્યું છે કે બંધમાં કોમ્પ્યુટરનું વેચાણ કરતા ૬૦થી વધુ વેપારીઓ જોડાશે અને મૌન રેલી કાઢી કલેકટરને આવેદનપત્ર આપશે.

જુસિકાએ બિનવારસી મૃતદેહની અંતિમવિધિ કરી

ગાંધીનગર, તા.૧૧

જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા અજાણ્યા પુરુષની અંતિમ વિધિ કરવામાં આવી છે. થોડાક સમય પૂર્વે અડાલજ પોલીસ સ્ટેશનની હદમાં રેલવે ટ્રેક પર કપાયેલ હાલતમાં અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો.

જુસિકા દ્વારા આ મૃતદેહની અંતિમ વિધિ સેકટર-૩૦ મુકિતધામ ખાતે કરવામાં આવી હતી. આ સેવામાં અડાલજ પોલીસ સ્ટેશનના પરશોત્તમભાઈ પ્રજાપતિ અને મુકિતધામના વિક્રમ પુરબિયાએ સેવા આપી હતી.

ચાર આઈ.પી.એસ. અધિકારીઓને સીલેક્શન ગ્રેડ અપાયો

ગાંધીનગર, તા. ૧૧

રાજ્ય સરકારે ચાર આઈ.પી.એસ. અધિકારીઓને સીલેક્શન ગ્રેડ આપવામાં આવ્યા છે. જેમના નામ આ પ્રમાણે છે.

નામ	હોદ્દો
એસ.કે. દવે	પોલીસ અધિક્ષક મોરબી
ડી.એન. પટેલ	પોલીસ અધિક્ષક કચ્છ ભૂજ
એમ.એ. ચાવડા	પોલીસ અધિક્ષક દાહોદ
જે.આર. મોથલીયા	પોલીસ અધિક્ષક મહેસાણા

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૨
સૂર્યાસ્ત : ૫.૫૫

તાપમાન

મહત્તમ : ૩૨.૮ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૪૩ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦
રોર : ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦
: સ્ક્રીન-૪ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
રોર : ૧.૩૦, ૧૦.૦૦
હૈદર : ૪.૦૦
કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫ ● રોર : ૩.૪૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
: સ્ક્રીન-૬ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦ ● રોર : ૧૦.૦૦
સુપર નાની : ૬.૩૦
હૈદર : ૪.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધ શૌકિન્સ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
સ્ક્રીન-૨ :
રંગરસીયા : ૧૦.૧૫, ૧.૧૪, ૪.૧૫. ૭.૧૫, ૧૦.૧૫
રોર : ૧.૩૦, ૭.૩૦
સ્ક્રીન-૩ :
હેપ્પી ન્યુઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

વૃષભ : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

સિંહ : ધર્મઆધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા- પ્રવાસનું આયોજન થશે.

તુલા : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

ધન : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

મીન : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- ધુળીબેન નાનચંદદાસ ગજ્જર (ઉ.વ.૯૧) એમ-૨૬/૩૧૦, સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ. ઉષાબેન શશીકાન્તભાઈ ઓટવીયા (ઉ.વ.૫૮) પ્લોટ નં. ૫૭૮/૧, સેક્ટર-૧૩એ, ગાંધીનગર
- સ્વ. શીવદાસ રામઆધાર વિશ્વકર્મા (ઉ.વ.૪૮) રામજી મંદિર પાછળ, વાવોલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. વણકર મંગુબેન કાનજીભાઈ (ઉ.વ.૮૬) મુ. ઉનાવા, તા.જી. ગાંધીનગર
- સ્વ. રીનાબેન મનજીતકુમાર હરીજન (ઉ.વ.૨૫) અદાણી શાંતિગ્રામ, ખોરજ, તા.જી. ગાંધીનગર